શેરબજારમાં ભારે અફડાતફડી

મુંબઈ,તા. ૨૭

શેરબજારમાં આજે તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૩૨૪ પોઈન્ટ અથવા તો ૧.૭૫ ટકા સુધરીને ૧૮૮૭૬ની ઊંચી સપાટીએ રહ્યો હતો. જ્યારે ૫૦ શેર નીફ્ટી ૯૪ પોઈન્ટ સુધરીને ૫૬૮૨ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નીફ્ટી બંને ઇન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૮૯૨૬ અને ૫૬૯૯ની સપાટીએ પહોંચ્યા હતા. આજે દિવસ દરમિયાન શેરબજારમાં સુધારાવાળી સ્થિતિ રહેતા કારોબારીઓમાં ખુશી જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં પણ તેજીની અસર રહી હતી. અપેક્ષા કરતા ઓછા વર્તમાન ખાતાકીય ખાધના આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેની પણ અસર રહી હતી. ડોલર સામે રૂપિયામાં આજે મજબુતી જોવા મળી હતી. ભારતીય રૂપિયો રિકવર થયો હતો. વૈશ્વિક મોરચે જાપાનના નિક્કીમાં સરેરાશ ત્રણ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સતત ત્રણ દિવસથી ચાલતી મંદી પર બ્રેક મુકાઈ હતી. બેંચ માર્કમાં એક દિવસનો સૌથી મોટો ટકામાં વધારો નોંધાયો હતો. ક્ષેત્રિય માર્કેટ પણ આશાસ્પદ રહ્યા હતા. ઘરઆંગણે બીએસઈ ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર અને આઈટી ઇન્ડેક્સમાં ૨.૫થી ત્રણ ટકાનો સુધારો રહ્યો હતો. જ્યારે રિયાલિટી, બેંક અને પીએસયુ જેવા કાઉન્ટરો પર પણ તેજી રહી હતી. આ તમામમાં ૧-૨ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો જો કે બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ ઇન્ડેક્સમાં આશરે બે ટકાનો ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ કંપનીઓના શેર આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠક પહેલા તેજીમાં રહ્યા હતા. એચડીએફસી બેંક, એચડીએફસી, આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈમાં ૧-૩ ટકાનો સુધારો રહ્યો હતો. હેલ્થકેરના ક્ષેત્રમાં સનફાર્મા, ડોક્ટર રેડ્ડી લેબ અને સિપ્લામાં ૨-૪ ટકાનો સુધાર રહ્યો હતો. ઘટાડાની વાત કરવામાં આવે તો મારૂતિ સુઝુકીના શેરમાં સેન્સેક્સમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. તેના શેરમાં આશરે બે ટકાનો ઘટાડો રહ્યો હતો. જેએસપીએલ, તાતા મોટર્સ, એનટીપીસી અને કોલ ઇન્ડિયામાં એક - એક ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩ ટકાનો સુધારો રહ્યો હતો.

માર્કેટ બ્રિડથની વાત કરવામાં આવે તો નકારાત્મક રહી હતી. ૧૨૧૦ શેરમાં તેજી અને ૧૧૧૧ શેરમાં મંદી રહી હતી. અમેરિકી શેરબજારમાં તેજી રહી હતી. ડાઉ જોન્સમાં એક ટકાનો સુધારો થયો હતો. જ્યારે એસએન્ડપી ૫૦૦માં એક ટકાનો સુધારો થયો હતો. નાસ્ડેકમાં પણ ૦.૯ ટકા જેટલો સુધારો થયો હતો. અમેરિકી બજારમાં તેજી પરત ફરતા તેની અસર એશિયન બજારો પર પણ સવારે જોવા મળી હતી.

ડોલર સામે રૂપિયામાં રિકવરી થઈ

નવી દિલ્હી,તા. ૨૭

વર્તમાન ખાતાકીય અંતરમાં ઘટાડો થયા બાદ તથા શેરબજારમાં તેજી નોંધાયા બાદ આજે રૂપિયામાં પણ રિકવરી જોવા મળી હતી. કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ૫૩ પૈસા રિકવર થઈને ૬૦.૧૯ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે રૂપિયો ડોલર સામે ૬૦.૭૨ની ઓલ ટાઈમ નીચી સપાટી પહોંચ્યો હતો. રૂપિયો આજે ૬૦.૪૫ની સપાટીએ ખુલ્યો હતો. ત્યારબાદ તેની સ્થિતિ સાનુકૂળ રહી હતી. ડોલરમાં ઘટાડાની આશા વચ્ચે નિકાસકારો દ્વારા નવેસરથી ડોલરનું વેચાણ કરવામાં આવતા રૂપિયાની સ્થિતિ મજબુત બની છે. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૬૦.૪૫ની સપાટીએ ખુલ્યો હતો. એક વખતે રૂપિયો ૬૦.૬૩ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. પરંતુ માર્ચ ત્રિમાસિક ગાળાના સીએડીના આંકડા આવ્યા બાદ રૂપિયામાં રિકવરી નોંધાઈ હતી. સીએડી ૪.૪ ટકાની અપેક્ષા સામે ૩.૬ ટકા રહેતા તેની અસર બજાર પર રહી હતી. છેલ્લા એક પખવાડિયાની અંદર રૂપિયામાં એક દિવસનો સૌથી મોટો સુધાર થયો છે. આરબીઆઈ રૂપિયાને સ્થિર કરવાની દિશામાં જઈ રહી છે. મૂડીપ્રવાહની સ્થિતિ પણ સુધારાવાળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આવતીકાલે ભારત વિદેશી દેવા અને વિદેશી હુંડિયામણના આંકડા પણ જારી કરનાર છે. રૂપિયો ૫૯.૯૦ની રેન્જમાં રહી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડોલર સામે રૂપિયામાં હાલ ભારે અફડાતફડી જોવા મળી રહી છે. ગઈકાલે રૂપિયો

૧૦૬ પોઈન્ટ ઘટીને ઐતિહાસિક નીચી સપાટી ૬૦.૭૨ ઉપર રહ્યો હતો. મહિનાના અંતે ડોલરની આયાતકારો તરફથી જોરદાર માંગ અને જંગી મૂડીપ્રવાહ ઉપર ડોલર સામે રૂપિયો ઓલ ટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. ગઈકાલે કારોબારની શરૂઆત થતાની સાથે જ રૂપિયો ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં ગઈકાલના ૫૯.૬૬ના બંધ આંક સામે ૫૯.૭૪ની નીચી સપાટીએ ખુલ્યો હતો. ત્યારબાદ તરત જ ડોલર સામે રૂપિયો ૫૯.૭૨ની સપાટીએ પહોંચ્યો હતો. ડોલરની માંગ વધુ તીવ્ર બનતા રૂપિયા પર કારોબાર આગળ વધતા તીવ્ર દબાણ આવ્યુ હતુ અને ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન રૂપિયો એક વખતે ૬૦.૭૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો જો કે અંતે ડોલર સામે રૂપિયો ૬૦.૭૨ પર બંધ રહ્યો હતો. આજે ડોલર સામે રૂપિયો રિકવર થયો હતો .

ઉત્તરાખંડમાં હળવા ભૂકંપના આંચકા નોંધાયા

નવી દિલ્હી, તા.૨૭

ઉત્તરાખંડમાં કુદરતી હોનારતો જારી રહી છે જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાયેલી છે. ઉત્તરાખંડમાં હિમાલિયન સુનામી બાદ છેલ્લા ૧૦ દિવસથી બચાવ અને રાહતકામગીરી જારી રહી છે અને તમામ લોકોને હજુ ખસેડાયા નથી ત્યારે લોકોમાં ફફડાટ ફેલાવે તેવી વધુ એક કુદરતી હોનારત થઈ હતી. આજે પૂર બાદ ઉત્તરાખંડમાં ભૂકંપનો આંચકો આવ્યો હતો, અલબત્ત આના કારણે કોઈ નુકસાન થયુ નથી પરંતુ લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. બીજી બાજુ ઉત્તરાખંડમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડવાનું કામ અંતિમ તબક્કામાં છે. મળેલી માહિતી મુજબ આજે ઉત્તરાંખડના પિથૌરાગઢ વિસ્તારમાં ભૂંકપના હળવા આંચકા અનુભવાયા હતા.આ આંચકાની તીવ્રતા ૩.૫ ની હતી. જળપ્રલય અને પુર જેવી ગંભીર હોનારાત બાદ કુદરતી ભૂંકપના આંચકાને લઈને લોકોમાં દહેશતની લાગણી ફેલાઈ ગઈ છે. સુત્રના જણાવ્યા અનુસાર લગભગ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ આંચકા થયા હોવાની જાણકારી મળી છે. તેમજ હળવા આંચકાના પગલે કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નહોતી. આ પ્રકારના ભૂંકપને સામાન્ય ગણવામાં આવે છે. પરંતુ



ઉત્તરાખંડની હાલની પરિસ્થિતિને જોતાં ભૂંકપના આ હળવા આંચકા પણ લોકોમાં ડરની ભાવના ઉત્તપન્ન કરે તેવા સાબિત થયા છે. સરકારી સુત્રોના જણાવ્યા અનુસાર આ આંચકાથી રાહત કામગીરી તેમજ બચાવ કાર્યમાં કોઈ પણ પ્રકારની બાંધા ઉભી થશે નહી. રાજયમાં લાશોના ખડકલાના કારણે ગંભીર સમસ્યા ઉભી થઈ છે. તેના ભાગરુપે શવોના અંતિમ સંસ્કાર માટેની કામગીરી હાથ ધરાઈ રહી છે. રાજય સરકારનો દાવો છે કે તેમણે હજુ સુધી ૯૯ હજાર લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડયા છે. હવામાન વિભાગની ચેતવણી વચ્ચે પણ સૈન્ય અને અર્ધસૈન્ય દળની મદદથી લોકો માટેની રાહત કામગીરી શરુ રખાય હતી. કેદારનાથમાં ફસાયેલ લોકોની બચાવ કામગીરી બાદ હવે સૈન્ય દ્વારા બદરીનાથ અને ગંગોત્રીમાં રાહત કામગીરી શરુ કરાશે. હજુ પણ બદરીનાથમાં ૩ હજાર અને ગંગોત્રી વિસ્તારમાં ૫ હજાર લોકો ફસાયેલા છે.

ઉત્તરાખંડમાં સેનાના જવાનો બિમાર પડતા તંત્ર ચિંતિત

ઉત્તરાખંડમાં હવે ભીષણ પૂર બાદ મહામારી ફેલાવવાની દહેશત સેવાઈ રહી છે. વિશ્વસનીય સૂત્રો તરફથી જાણવા મળેલી માહિતી મુજબ કેદારનાથ સહિત ઉત્તરાખંડમાં સેવાકાર્ય કરી રહેલાં ઘણાં જવાનો બિમારી સપડાયા છે. આ જવાનોની બિમારીનાં કારણે તંત્ર ભારે ચિંતાતુર બન્યું છે. સેના દ્વારા સ્થાપિત કરાયેલાં મેડિકલ કેમ્પોમાં આવનાર ગ્રામીણો અને ટુરિસ્ટોને હવે તાવ, ઉલ્ટી સહિત બીજા રોગોનાં કેસ સામે આવી રહ્યા છે. કેદારનાથમાં ઘણાં જવાનો બિમારીમાં સપડાયા છે તેમ જાણવા મળી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પંદર મૃતદેહો ઉત્તરપ્રદેશનાં મુઝફ્ફનગર, બિજનોર અને બુલંદશહેરમાં તણાઈ આવ્યા હતાં. હવામાન થોડું સાફ થતાંની સાથે જ મહામારીનો ખતરો વધી જવાનાં કારણે ગઈકાલે કેદારનાથમાં પૂર અને વરસાદની ચપેટમાં આવીને માર્યા ગયેલાં લોકોનાં મૃતદેહોનાં સામૂહિક અગ્નિસંસ્કાર શરૂ કરવામાં આવ્યા હતાં.

આસામમાં ભારે વરસાદ બાદ પુરની સ્થિતી વણસી

જોરહાટ,તા. ૨૭

આસામમાં ફરીએકવાર પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. ૨૫થી વધારે ગામો પુરના સકંજામાં આવી ગયા છે. અરૂણાચલપ્રદેશના પહાડી વિસ્તારોમાં ભારે વરસાદના કારણે આસામમાં ફરીવાર પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે.

અરૂણાચલની સરહદ પર આવેલા ધેમાજી જિલ્લામાં ૨૫થી વધારે ગામો પુરના કારણે આસાર પામ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા છે. મંગળવારથી જિયાધોલ અને ગાઈ નદીમાં પાણીની સપાટી સતત વધી રહી છે. બન્ને નદીમાં પાણીની સપાટી વધવાથી સ્થિતી વણસી રહી છે. કેટલાક ગામો સકંજામાં આવી ગયા છે. મળેલી માહિતી મુજબ ઉત્તરીય ધેમાજી જિલ્લામાં કૃષિ ભૂમિ પણ પુરના સકંજામાં આવી ગઈ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ જિલ્લામાં આશરે ૧૯૫ હેક્ટર પાક ભૂમિ પાણીમાં છે. એડીશનલ ડેપ્યુટી કમીશનર યુકે બરુઆએ કહ્યું છે કે જિયાધોલ અને ગઈના પુરના પાણી ધેમાજીમાં આશરે ૧૯૫ હેક્ટર જમીન સુધી આવી ગયા છે. જોનાઈ સબ ડિવીઝનમાં પણ કેટલાક ગામોને અસર થઈ છે. તેમણે કહ્યું છે કે હજુ સુધી કોઈ રાહત કેમ્પની સ્થાપના કરવામાં આવી નથી પરંતુ જો જરૂર પડશે તો કેમ્પ સ્થાપિત કરવામાં આવશે. જાણકાર સુત્રોએ કહ્યું છે કે આગામી ૧૨ કલાક દરમિયાન વધારે ગામો સકંજામાં આવી શકે છે. અરૂણાચલના પહાડી વિસ્તારોમાં થયેલા ભારે વરસાદની સીધી અસર હવે આસામમાં જોવા મવી રહી છે. આસામ દર વર્ષે પુરના સકંજામાં આવે છે. દેશના સૌથી વધારે વરસાદવાળા વિસ્તારો પૈકી આસામને ગણવામાં આવે છે. એકબાજુ કેન્દ્ર સરકાર ઉત્તરાખંડમાં પુરના કારણે થયેલા વ્યાપક નુકસાનની ગણતરી કરવામાં વ્યસ્ત છે ત્યારે હવે આસામમાં નવેસરથી પુરના કારણે પણ ચિંતા વધારી દીધી છે. આસામમાં પુરના બીજા મોજામાં કેટલુ નુકસાન થયું છે તેની ગણતરી થઈ રહી છે.

સઘન સલામતિ વચ્ચે અમરનાથ યાત્રા શરૂ

જમ્મુ,તા. ૨૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે અમરનાથ યાત્રા આજે સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા અને આતંકવાદી હુમલાની દહેશત વચ્ચે શરૂ થઈ હતી. રાજ્યના પ્રવાસ પ્રધાન જીએ મીરે જમ્મુ બેઝ કેમ્પ ખાતે શ્રદ્ધાળુઓની પ્રથમ બેચને લીલીઝંડી આપી હતી. પ્રથમ બેચમાં ૫૬૩ મહિલાઓ અને ૩૭ બાળકોનો સમાવેશ થાય છે. પ્રથમ બેચમાં શ્રદ્ધાળુઓની કુલ સંખ્યા ૩૧૫૭ હતી. પ્રથમ બેચ ૯૬ વાહનોના કાફલામાં યાત્રી નિવાસથી રવાના થઈ હતી. ૯૬ વાહનોના કાફલામાં ૭૫ બસ અને ૨૧ એલએમવીનો સમાવેશ થાય છે. મોટી સંખ્યામાં નાગરિક અને પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં વહેલી સવારે ૫.૪૫ વાગ્યે શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડી અમરનાથ માટે રવાના થઈ હતી. અમરનાથની ગુફા દક્ષિણ કાશ્મીરમાં આવેલી છે. સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીડર મુજબ દરરોજ અમરનાથ ગુફા તરફ જવા ૧૫૦૦૦ યાત્રીઓને મંજુરી આપવામાં આવશે જે પૈકી ૭૫૦૦ પહેલાગામથી અને આટલી જ સંખ્યામાં બલતાલથી યાત્રીઓને રવાના કરવામાં આવશે. બિન

નોંધાયેલા શ્રદ્ધાળુઓના જોરદાર ધસારાને ધ્યાનમાં લઈને રાજ્ય નાગરિક વહીવટી તંત્રએ જુદા જુદા સ્થળ પર સ્થળ નોંધણી કાઉન્ટરો શરૂ કરવામાં આવ્યા છે.

અમરનાથ યાત્રાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. વધારાની સુરક્ષા પણ ગોઠવવામાં આવી છે. આજે સવારે પવિત્ર ગુફા માટે જમ્મુથી શ્રદ્ધાળુઓની પ્રથમ બેચ રવાના થઈ હતી. આ બેચમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરૂષો તેમજ બાળકોનો સમાવેશ થાય છે. સવારે ધાર્મિક માહોલમાં શ્રદ્ધાળુઓને લઈને જતા વાહનોને લીલીઝંડી આપવામાં આવી હતી. આ વખતે ત્રાસવાદી યાત્રામાં ખલેલ પહોંચાડી શકે છે તેવી બાતમી મળ્યા બાદ સાવચેતી વધારે રાખવામાં આવી રહી છે. જો કે લોકોમાં કોઈ ભય દેખાઈ રહ્યો નથી. લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા કહી ચુક્યા છે કે કોઈ ખતરો નથી. જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા ખાસ પગલા લેવામાં આવ્યા છે. યાત્રીઓની સુરક્ષા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. જમ્મુના આઈજીપી રાજેશ કુમારે કહ્યું છે કે સુરક્ષાની દ્રષ્ટિએ જે કઈ પણ પગલાની જરૂર છે તે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. વાર્ષિક અમરનાથ યાત્રા માટે કુલ ત્રણ લાખ લોકો તેમની નોંધણી પહેલાથી જ કરાવી ચુકયા છે. શ્રીનગરમાં તાજેતરમાં જ સેનાના કાફલા પર કરવામાં આવેલા ત્રાસવાદી હુમલા બાદ વધારાના સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે યાત્રા દરમિયાન હમેંશા વધારાના જવાનો તૈનાત કરવામાં આવે છે. આ વખતે કોઈ નવી વ્યવસ્થા કરવામાં આવી નથી. જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં ત્રાસવાદીઓ ફરી એકવાર સક્રિય થઈ ગયા છે. હાલમાં ત્રાસવાદીઓ દ્વારા કેટલાક હુમલા કરવામાં આવ્યા છે. આ હુમલાને ધ્યાનમાં લઈને હવે વધારે સાવધાની રાખવામાં આવી રહી છે.

સમાચાર ઝલક

- ધો-૧૦ અને ૧૨માં નબળાં પરિણામોવાળી શાળાનાં શિક્ષકોને આચાર્યશ્રી સંચાલકો સવાલો પૂછી શકશે...
- કેદારનાથ ઘાટીમાં સૌથી વધુ ગુજરાતીઓ સંપર્ક વિહોણા...
- અમદાવાદમાં આત્મહત્યાનાં કેસોમાં ૩૦% સુધીનો વધારો...
- ફોર્ડની ઇકો સ્પોર્ટસ કાર ભારતમાં અંતે લોન્ચ થઇ...
- ઓલ્મિપિક ગોલ્ડ મેડેલ વિજેતા રાજેશ કરી રહ્યો છે મજૂરી...!!
- જામનગરમાં અધિકારની ત્રાસથી કંટાળી કર્મચારીઓ ઝેરી દવા પીધી...
- પેટ્રોલ-ડીઝલ, ગેસ, વીજલીમાં ભાવ-વધારાની તૈયારી.
- પાકિસ્તાનમાં અનાજની ભારે અછત, ભૂખમરાં જેવી સ્થિતિ.
- હવે ખાનગી સુપર સ્પેશ્યિલીસ્ટ તબીબોની સેવા સરકારી હોસ્પીટલોમાં.
- મુંબઇમાં અમિતાત બચ્ચન પરિવાર પાસે પાંચ બંગલા, નવો ૫૦ કરોડના ખર્ચે જલસાની બાજુનો બંગલો ખરીદ્યો.
- બ્રિટનમાં અકસ્માતનો સર્વે, કાર ચલાવતાં મેક-અપ કરતી મહિલાઓ વધુ અકસ્માત કરે છે, છેલ્લા વર્ષમાં સાડા ચાર લાખથી વધુ અકસ્માતો...
- મુંબઇમાં ગેંગરેપનો ભોગ બનેલી ૧૦ વર્ષીય બાળકીનું સારવાર દરમિયાન મોત.
- મેચ-ફિક્સર શ્રીસંત ફિલ્મોમાં ચમકશે.
- નોન બેંકિંગ ફાયનાન્સ કંપનીમાં ડિપોઝીટ મુકતા પહેલાં ચેતજો.
- ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ભાવનાબેન ચિખલીયા ઉપર ૧૦ કલાક સર્જરી કરવામાં આવી, તબિયત સુધારા પર.
- શાકભાજીનાં ભાવ આસમાને, માલની અછત વચ્ચે કિલોનો ભાવ રૂા. ૧૧૦ જેટલો.
- આઇસ્ક્રીમ ઉપર સર્વિસ ટેક્સ નંખાશે.
- ઉત્તરાખંડ હોનારતને પગલે વિમા કંપનીઓને દાવાઓમાં રેકોર્ડ બ્રેક રકમ ચુકવવી પડશે, ૩૫૦૦ કરોડનો અંદાજ.
- આજે એચ.આઇ.વી. સ્વૈચ્છિક પરીક્ષા દિન ઉજવાયો.
- વાઘને વાઘણ પ્રેમ, ૧૬ વાઘણનો પ્રેમ વાઘને ફરી ઝુલોજીકલ પાર્કમાં પાછો ખેંચી લાવ્યા, ૩૧મીએ નાસી છૂટયો હતો.
- અંબાજીમાં માતાજીને ચડશે ૧૨૫ ફૂટ લાંબી એમ્બ્રોઇડરી વાળી ડિઝાઇનર ધજા.

વિન્ડીઝ અને શ્રીલંકા વચ્ચે આજે રોમાંચક જંગ ખેલાશે

કિંગ્સ્ટન,તા. ૨૭

વેસ્ટ ઈન્ડિઝમાં આવતીકાલથી ત્રિકોણીય શ્રેણીની શરૂઆત થઈ રહી છે. પ્રથમ મેચમાં શુક્રવારે યજમાન વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા સામ સામે ટકરાશે. ઘરઆંગણે વેસ્ટ ઈન્ડિઝની ટીમ શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે. પરંતુ ચેમ્પિયનસ ટ્રોફીમાંજીત મેળવ્યા બાદ હવે ત્રિકોણીય શ્રેણીમાંભારતીય ટીમ હોટ ફેવરીટ તરીકે મેદાનમાં ઉતરશે.ઈંગ્લેન્ડમાં ચેમ્પિયન્સ ટ્રોફી પૂર્ણ થયાના પાંચ દિવસ બાદજમૈકામાં આ શ્રેણી શરૂ થઈ રહી છે. દરેક ટીમે સંપૂર્ણ ટીમ મેદાનમાં ઉતારી છે. જેથી શ્રેણી રોમાંચક રહેશે. વિન્ડીઝના કેપ્ટન બ્રાવોએ કહ્યું છે કે ટીમ શ્રેષ્ઠ દેખાવ કરવા તૈયાર છે. શ્રીલંકન કેપ્ટન મેથ્યુસ પણ ટીમને આગળ વધારવા સજ્જ છે. આવતીકાલે રમાનારી મેચનુ સાંજે સાત વાગ્યા પ્રસારણ કરાશે.

ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ ચેમ્પિયનસ ટ્રોફી જીતીને ઈતિહાસ સર્જ્યા બાદ વેસ્ટ ઈન્ડિઝની ધરતી ઉપર વધુ એક ઈતિહાસ રચવા માટે ટીમ ઈન્ડિયા તૈયારીમાં છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓના ફોર્મને જોતા હાલમાં ભારતીય ટીમને કોઈપણ ટીમ ટક્કર આપી શકે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ભારત, વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા જેવી મજબૂત ટીમો ત્રિકોણીય શ્રેણીમાં ભાગ લઈ રહી છે. ભારત પોતાની પ્રથમ મેચ ૩૦મી જૂનના દિવસે યજમાન વેસ્ટ ઈન્ડિઝ ખાતે કિંગ્સ્ટન જમૈકા ખાતે રમશે. આ મેચનું પ્રસારણ રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવશે. મોટાભાગની મેચો રાત્રે આઠ વાગે શરૂ થશે જેથી ક્રિકેટ ચાહકોને સરળતાથી તમામ મેચો નિહાળવાની તક મળશે.

ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ હાલમાં જ આઈસીસી ચેમ્પિયનસ ટ્રોફીની ફાઈનલમાં ઈંગ્લેન્ડ ઉપર જીત મેળવીને આ ટ્રોફી પોતાના નામ ઉપર કરી હતી. સૌથી શાનદાર દેખાવ બેટિંગમાં શિખર ધવન દ્વારા કરવામાં આવ્યો હતો. શિખર ધવને ચેમ્પિયન ટ્રોફીમાં શ્રેષ્ઠ દેખાવ કર્યા બાદ અહી પણ તેના પર તમામની નજર કેન્દ્રિત રહે તેમ માનવામાં આવે છે.

સચિન અને અમિતાભ બચ્ચને સેનાના જવાનોને બિરદાવ્યા

ક્રિકેટની દુનિયાનો બેતાજ બાદશાહ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર અને હિન્દી ફિલ્મોના મહાનાયક અમિતાભ બચ્ચને ઉત્તરાખંડમાં પડેલા મુશળધાર વરસાદ, પૂરપ્રકોપ અને ભુસ્ખલનને લીધે ફસાયેલા યાત્રિકોને બચાવાવ માટે ભગીરથ પ્રયાસો કરી રહેલી ભારતીય સેનાના જવાનોના જુસ્સા અને હિંમતને બિરદાવી છે.

સચિન તેંડલુકરે પોતાની ફેસબુક પર લખ્યુ હતું કે, ઉત્તરાખંડમાં અત્યંત મુશ્કેલભરી પરિસ્થિતિમાં સેનાના જવાનો નિસ્વાર્થભાવે પોતાના જાનની બાજી લગાવીને હજારો લોકોની જિંદગી બચાવી છે, આપણા દેશના સાચા હીરો સૈનિકો છે. અને તેમના સાહસીક કાર્યોને સલામ કરૂ છું. ઈશ્વર આ મુશ્કેલભરી પરિસ્થિતિમાં પોતાના પ્રિયજનોને ગુમાવનારા લોકોને સહન કરવાની શક્તિ આપે.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

જવાબ - અમેરિકાના રિચાર્ડ ગેટલિંગ, ૧૮૬૧ માં શોધ કરી.
(૪) રાઠોડ સુનિતા. કે : સે-૨૪થી
પ્રશ્ન - ગ્લુકોમા રોગ શરીરના કયા અંગને પ્રભાવિત કરે છે?
જવાબ - આંખ
(૫) પ્રજાપતિ રાકેશ. સી. : સે-૨૮થી
પ્રશ્ન - રઘુવીર ચૌધરીને રણજીતરામ સુવર્ણચંદ્રક કયારે મળ્યો હતો?
જવાબ - ૧૯૭૫માં

● આ સપ્તાહનો સવાલ...?

કેદારનાથ મંદિર કયા રાજયમાં આવેલું છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

મ૬ (૫૧) મ (૨૧) ૬ (૬૧) મ૬ (૨૧) ૬ (૧૧) ૬ (૦૧)
મ (૭) મ (૭) મ૬ (૭) ૬ (૩) ૬ (૫) ૬ (૨) ૬ (૬) મ (૨) મ (૧)